લેવ તોલ્સ્તોય

ત્રણ રીંછ





લેવ તોલ્સ્તોય

ત્રણ રીંછ



ચિત્રો — વાસ્નેત્સોવ

પ્રગતિ પ્રકાશન
મોસ્કો





એક નાનકડી બેબી વનમાં રમવા ગઈ પણ ઝાડીઓમાં રમતી રમતી મારગ ભૂલી ગઈ. તેણે ઘરની કેડી ગોતવાની બહુ કોશિશ કરી પણ બધી મહેનત નકામી ગઈ. ભટકતી ભટકતી તે આખરે વનની અંદર આવેલા એક નાનકડા મકાન પાસે પહોંચી.



કમાડ ઉઘાડું હતું. તેણે અંદર ડોકાઈને નજર ફેરવી. ઘરમાં કોઈ હતું નહિ એટલે તે અંદર દાખલ થઈ ગઈ. એ ઘરમાં ત્રણ રીંછ રહેતાં હતાં. ઝીંથરિયા રીંછ બાપનો બાંધો ભારે કદાવર હતો. તેનું નામ મિખાઈલ ઈવાનિચ હતું. રીંછણ મા તેનાથી નાના કદની હતી. તેનું નામ નાસ્તાસ્યા પેત્રોવ્ના હતું. અને સાવ નાનકા રીંછડા બાબુનું નામ મિશૂત્કા હતું. ત્રણેય રીંછ વનમાં ફરવા ગયાં હતાં.





ઘરમાં બે ઓરડા હતા—એક જમવાનો અને બીજો સૂવાનો. નાનકડી બેબી પહેલાં જમવાના ઓરડામાં ગઈ. સૂપ ભરેલા ત્રણ કટોરા ટેબલ ઉપર ગોઠવેલા હતા. સૌથી મોટો કટોરો રીંછ બાપનો હતો. તેનાથી નાનો કટોરો રીંછણ માનો હતો. અને ત્રીજો નાનકડો ભૂરો કટોરો મિશૂત્કાનો હતો. દરેક કટોરાની પાસે એક એક ચમચો રાખેલો હતો—સૌથી મોટો, તેનાથી નાનો, અને સાવ ટચૂકડો.





નાનકડી બેબીએ સૌથી મોટો ચમચો લઈને સૌથી મોટા કટોરામાંથી સૂપ ચાખી જોયો. પછી વચલો ચમચો લઈને વચલા કટોરામાંથી સૂપ ચાખી જોયો. પછી ટચૂકડો ચમચો લઈને ભૂરા કટોરામાંથી સૂપ ચાખી જોયો. તેને મિશૂત્કાના કટોરાનો સૂપ સૌથી વધારે ભાવી ગયો.



બેબી થાકી ગઈ હતી. તેને બેસવાનું મન થયું. આસપાસ નજર ફેરવતાં તેને ત્રણ ખુરશી નજરે પડી. સૌથી મોટી ખુરશી રીંછ બાપની હતી. વચલી ખુરશી રીંછણ માની હતી. અને ટચૂકડી ખુરશી મિશૂત્કાની હતી. તેમાં આરામથી પીઠ ટેકવવા ભૂરા રંગનો તકિયો પણ સીવેલો હતો. બેબીએ સૌથી મોટી ખુરશીમાં બેસવાની કોશિશ કરી પણ તે પડી ગઈ. પછી તેણે વચલી ખુરશીમાં બેસવાની કોશિશ કરી પણ તે માફક ન આવી. એટલે તેણે સૌથી નાની ખુરશીમાં બેસી જોયું. ખુરશી બરાબર માપસરની હતી. તેને લહેર પડી ગઈ એટલે તે તાળીઓ પાડવા લાગી. પછી તે સૌથી નાનો ચમચો લઈને સૌથી નાના ભૂરા કટોરામાંથી સૂપ ઉડાવવા લાગી. બધો સૂપ પેટમાં પધરાવી દઈને તે ખુરશીને આગળ પાછળ ડોલાવવા લાગી.

ખુરશી ભાંગી ગઈ અને ઢળી પડી. બેબી ભોંયપટ પર પડી ગઈ. તે પાછી ઊભી થઈ ગઈ અને ભાંગેલી ખુરશીને સીધી ગોઠવીને સૂવાના ઓરડામાં ગઈ. તેમાં ત્રણ





પલંગ હતા — એક સૌથી મોટો, બીજો તેનાથી નાનો, અને ત્રીજો સાવ ટચૂકડો. બેબી પહેલાં તો સૌથી મોટા પલંગમાં લાંબી થઈ. પલંગ બહુ પહોળો હતો. તેને મઝા ન આવી. પછી તે વચલા પલંગમાં લાંબી થઈ. પણ તે વધારે પડતો ઊંચો હતો એટલે માફક ન આવ્યો. પછી તેણે ટચૂકડા પલંગમાં સૂઈ જોયું. પલંગ બરાબર માપસરનો હતો. તેને લહેર પડી ગઈ અને નીંદર આવી ગઈ.





થોડી વારમાં રીંછ પાછાં આવી ગયાં. ત્રણેયને ખૂબ ભૂખ લાગી હતી. કદાવર રીંછ બાપે પોતાનો કટોરો હાથમાં લઈને તેમાં નજર નાખતાં ભારે ઘોઘરા અવાજે રાડ પાડી:

"કોણે મારો સૂપ ચાખી જોયો છે?"

વચલા કદની રીંછણ મા પોતાના કટોરામાં નજર નાખીને જરાક હળવા અવાજે બોલી ઊઠી:

"કોણે મારો સૂપ ચાખી જોયો છે?"

અને નાનકડા મિશૂત્કાએ પોતાનો કટોરો ખાલી જોઈને તીણા અવાજે ફરિયાદ કરી:

"કોણે મારો સૂપ ચાખીને બધોય પેટમાં પધરાવી દીધો છે?"

પછી કદાવર રીંછ બાપે પોતાની ખુરશી સામે જોતાં ભારે ઘોઘરા અવાજે રાડ પાડી:

"કોણે મારી ખુરશીમાં બેસીને એને ખસેડી નાખી છે?"


વચલા કદની રીંછણ મા પોતાની ખુરશી ઉપર નજર નાખતી જરાક હળવા અવાજે બોલી ઊઠી:

"કોણે મારી ખુરશીમાં બેસીને એને ખસેડી નાખી છે?"

અને નાનકડા મિશૂત્કાએ પોતાની ખુરશી ઉપર નજર માંડીને તીણા અવાજે ફરિયાદ કરી:

"કોણે મારી ખુરશીમાં બેસીને એને ભાંગી નાખી છે?"





પછી ત્રણેય રીંછ સૂવાના ઓરડામાં ગયાં.
કદાવર રીંછ બાપે ભારે ઘોઘરા અવાજે રાડ પાડી:

"કોણે મારા પલંગમાં લંબાવીને બિછાનું ચોળી નાખ્યું છે?"

વચલા કદની રીંછણ મા જરાક હળવા અવાજે બોલી ઊઠી:

"કોણે મારા પલંગમાં લંબાવીને બિછાનું ચોળી નાખ્યું છે?"

અને પાટલી ઉપર પગ મૂકીને પલંગ પર ચડવા જતા નાનકડા મિશૂત્કાના મોંમાંથી અચરજના બોલ સરી પડયા:

"અરે, આ કોણ મારી પથારીમાં સૂતું છે!"

પલંગમાં સૂતેલી નાનકડી બેબીને જોતાં જ તેણે તીણા અવાજે શોર મચાવી દીધો:

"પકડો! પકડો! આ છોકરીને પકડી લો!"



તે બેબીને બટકું ભરવા જતો હતો એટલામાં બેબી જાગી ગઈ અને ત્રણ રીંછને જોઈને એકદમ બારી તરફ દોડી ગઈ. બારી ઉઘાડી હતી. તે ઠેકડો મારીને બહાર નીકળી ગઈ અને ભાગી ગઈ. ત્રણેય રીંછ તેને પકડી પાડવા દોડતા તેની પાછળ ધસી ગયાં પણ તે હાથ ન આવી.



અનુવાદ — અતુલ સવાણી

Л. Толстой

ТРИ МЕДВЕДЯ

на языке гуджарати



સોવિયેત સંઘમાં મુદ્રિત

Т $\frac{70802-164}{014(01)-80}$ 755-80

4803010101